સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ફરી, આજથી - દેશ, સેવ ને પ્રજા-ભૂલાઈ જશે!
ફરી, વાયદા-વચનો, કરંડિયે પૂરાઈ જશે!
ખોવાઈ જશે નેતાઓ, સત્તાના માદક નશામાં -
ફરી, સૌ સંપત્તિના ગુણાકારમાં ગૂંથાઈ જશે !

હાઈકુ

ચૂંટ્યા પછી
પ્રજા બનશે ફરી -
એપ્રિલ ફૂલ!!

થશે નાટક!
ભગવાનના નામે -
સોગંધવિધિ !!

ચિંતન

સચ્ચિદાત્મન્દનુસ્યૂતે, નિત્યે વિષ્ણૌ પ્રકલ્પિતાઃ ।
વ્યક્તયો વિવિધઃ સર્વાઃ હાટકે કટકાદિવત્ ॥

ઉપરોક્ત શ્લોક 'આત્મબોધ' માંથી લેવામાં આવેલ છે.

જેમ સોનામાં કડું વગેરે કલ્પાયેલાં છે. તેમ સત્ય, જ્ઞાનસ્વરુપ, સર્વમાં પરોવાઈને રહેલ, શાશ્વત અને દેશ, કાલ ને વસ્તુના પરિચ્છેદતી રહિત બ્રહ્મમાં આ સર્વ પ્રકારની અભિવ્યક્તિઓ કલ્પાયેલી છે.

જેમ સુવર્ણ એક મૂલ્યવાન ધાતુ જ છે પણ તેના ઘડાયેલાં જુદાં જુદાં સ્વરુપ તેના ઘાટ-આકાર અને કદ પ્રમાણે જુદાં જુદાં મૂલ્ય ધરાવે છે તેમ બ્રહ્મ પણ એક 'સત્ય' ધાતુ જ છે તે સાશ્વત જ છે જન્મ-કર્મ પ્રમાણે જુદાં જુદાં સ્વરુપે આકાર ધારણ કરે છે અને તે પ્રમાણે જીવનમૂલ્ય બને છે.

સુવિચાર

- અસત્ય નો જય રોજ પ્રત્યક્ષ થતો જોવા મળે છે, તેમ છતાં સત્યનો જય થાશે એમ માનવું તે 'શ્રદ્ધા' - **ફાધર વાલેસ**
- સમગ્ર સૃષ્ટિ એ જીવંત પોથી છે. પુસ્તકો જીવંત નથી, પાડુંરંગ શાસ્ત્રી કહે છે, 'માણસે લખેલી પોતી ને લોકો ભગવાન સમજે છે, પરંતુ ભગવાને લખેલી પોથીને જે લોકો સમજે છે, તે જ માણસ છે' - **પ્રતિભા કોટેચા**
- માનવી હંમેશા પોતાની ભૂલોનો એવી રીતે બચાવ કરે છે, જાણે તે એના હકનો બચાવી રહ્યો હોત - **રત્નસુંદરજી વિજયજી**
- ખાતરી રાખો, જીવનમાં દુઃખ હંમેશા એ જ બારણેથી અંદર પેસી જાય છે, જે ભૂલથી તમે ઉઘાડું મૂકી આવ્યા હતા - **લોંગ ફેલો**
- જ્ઞાનમાં પુરુષાર્થ ન હોય, શક્તિ નિર્માણ કરવાનો ગુણ ન હોય તો પછી જ્ઞાન કે અજ્ઞાનમાં કાંઈ જ ફરક નથી - **સ્વામી શ્રદ્ધાનંદ**
- વેદ જ્ઞાન સ્વરુપ છે ને ભગવાન વિજ્ઞાન સ્વરુપ છે - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : દાઝવા ઉપર તલ પીસી તેમાં, શુદ્ધ ઘી અને કપૂર મિક્સ કરી તે પેસ્ટ લગાડવાથી બળતરા મટે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ઈરાનના સંત ઔલિયા હઝરતે એક મકાન ભાડે રાખ્યું એ મકાન માલિકને ખુદમાં વિશ્વાસ ન હતો. હઝરત રોજ આંગણામાં પાંચ વખત અચૂક નમાઝ પઢતા. મકાન માલિકને ગુસ્સો આવતા તે રોજ નમાઝની જગ્યાએ ઘરનો કચરો ઠાલવતો. હઝરત તો નિર્મળ ભાવે કચરો સાપ કરી શેતરંજી પાથરી નમાઝ પઢી લેતા. ઘણા વખત આ સિલસિલો ચાલ્યો. પણ હઝરત કોઈ દિવસ મકાન માલિકને ફરિયાદ ન કરતા. તેઓ બસ સહજ બંદગી કરતા. મકાન માલિકથી રહેવાયું નહીં. એટલે એણે હઝરતને પૂછ્યું, 'હું રોજ આપની નમાઝ પઢવાની જગ્યાએ ગંદકી ફેલાવું છું છતાં આપ કંઈ બોલતા નથી, આપને કંઈ તકલીફ નથી પડતી ?' હઝરતે કહ્યું, 'એમાં તકલીફ શું ? તમે જે ગંદકી નાખો છો તે હું સાફ કરીને નમાઝ પઢી લઉં છું.' મકાન માલિકે કહ્યું, 'આપને આટલી તકલીફ આપવા છતાં આપ સહન કર્યે ગયા છો. એનું કારણ મને કહો ?' હઝરતે કહ્યું, 'ખુદા એ કહ્યું છે. સબ્ર કરો, સહનશીલ બનો જે લોકો સહનશીલ બની ગુસ્સા પર કાબુ મેળવે છે. તેના ગુનાઓ માફ થઈજાય છે અને તેને સહનશીલતા એ ઈસ્લામનું આભૂષણ છે.' હઝરતનો જવાબ સાંભળી મકાન માલિકને ખૂબ શરમ આવી અને તે પણ પાંચ વખતનો નમામી બન્યો.

મત આપ્યા પછી પૂછો, મારા એક મતથી શું ફરક પડે છે ?

તંત્રીસ્થાનેથી...

અકબર અને બિરબલની વાર્તા આપણે જાણીએ છીએ. અકબરે જનતાની નીતિમત્તાને વખાણી હતી અને બિરબલે સામે એવી દલીલ કરી હતી કે મોકો મળે તો કોઈપણ ચૂકે.

સૌએ એવું વિચાર્યું હતું કે બાકી બધાં તો દૂધ લાવવાના જ છે, હું એકલો પાણી લાવું તો શું ફરક પડી જવાનો છે ?

આવો જ માહોલ આજે પણ જોવા મળી રહ્યો છે; બાકી બધાં તો મત આપવા જવાનાં છે, હું મત નહીં આપું તો શું ફરક પડી જવાનો છે ? ફરક તો પડે છે અને બહુ મોટો ફરક પડે છે.

વર્ષ ૧૭૭૬માં અમેરીકામાં જર્મન ભાષા કે અંગ્રેજી ભાષામાંથી એકની પસંદગી માટે સહમતી ન સધાતાં કેબિનેટમાં ચૂંટણી યોજવામાં આવી, જેમાં માત્ર એક મતથી અંગ્રેજી ભાષા જીતી. અને જોઈ લો, આજે અંગ્રેજી ભાષાનો દુનિયાભરમાં પ્રભાવ છે.

અમેરિકામાં યોજાયેલી ચૂંટણીમાં જ્હોન કેનેડી પોતાના પ્રતિસ્પર્ધી નિકસન કરતાં માત્ર ૧ મત વધુ મળવાના કારણે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ બની શક્યા હતા.

આપણા ભારત દેશમાં ૧૯૯૯માં કેન્દ્ર સરકાર માત્ર એક મતના તફાવતથી પડી હતી અને રૂપિયા ૨૦૦ કરોડનો ચૂંટણીનો બોજો દેશના માથે આવી પડ્યો હતો.

૨૦૦૮માં રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીમાં તે સમયના મુખ્યમંત્રી માત્ર એક મતથી હાર પામ્યા હતા અને તેમનું મુખ્યમંત્રીપદ ગયું હતું. આ જ વર્ષે મધ્યપ્રદેશ વિધાનસભાની ચૂંટણીમાં ધાર વિધાનસભાની બેઠક પર માત્ર એક મતના તફાવતથી હાર-જિત નિશ્ચિત થઈ હતી.

આપણને મળતી જાહેર સુવિધાઓ પણ યોગ્ય ન હોય કે પછી તેમનું યોગ્ય સંચાલન ન થતું હોય તો આપણું દૈનિક જીવન મુશ્કેલ પણ બને છે. એટલે કોઈના માટે નહીં તો આપણે આપણું ને આપણા પરિવારનું જીવન બહેતર બનાવવા માટે મતદાન કરવું જોઈએ.

૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં ૬૬ ટકા જેટલું મતદાન નોંધાયું હતું, મતલબ કે ૪૪ ટકા લોકોએ તો પોતાના મતાધિકારનો ઉપયોગ જ કર્યો નહોતો. સત્તા મેળવનાર ગઠબંધનને ૩૮.૫ ટકા જેટલા જ મતો મળ્યા હતા. એટલે કે સૌથી મોટું જૂથ તો એવા લોકોનું છે કે જેમણે મતદાન કર્યું જ નથી. ગણતરીની દૃષ્ટિએ જોઈએ તો બહુમતી તો મતદાન નહીં કરનારા લોકોની છે, સત્તા મેળવનાર પક્ષની નહીં.

હું મત આપું કે ન આપું, શું ફેર પડે છે ?... બધા જ પક્ષો સરખા છે, ચૂંટાયા બાદ ભૂલી જતા હોય છે, મત આપવાથી શું ફેર પડશે ? એવાં બહાનાં આગળ લાવ્યા કરીશું તો એ દિવસ દૂર નથી કે જ્યારે મહત્તમ રાજકીય પક્ષોના કાર્યકરો જ મતદાન કરશે અને પછી સ્વાભાવિકરીતે જ, ચૂંટાયેલા લોકો પોતાની વોટ બેન્ક જેવા કાર્યકરો માટે જ કામ કરશે.

જો તમે તમારી મતાધિકારની ફરજ નહીં બજાવો તો તમને મળનારી સુવિધાઓનો હક પણ તમને ન મળે એવું બની શકે છે. એટલે મતદાન કરવા પ્રત્યે દુર્લક્ષ સેવી રહ્યા હો તો ફરી વિચારજો, વિચાર બદલજો.

તમારા એક મતથી ફરક નથી પડતો એવી તમારી માન્યતા છે, એ હકીકત નથી. મત આપ્યા વિના તમે કેવી રીતે જાણો છો કે મત આપવાથી ફરક નથી પડતો !

આજે એકવાર મતદાન તો કરી આવો, પછી નક્કી કરજો કે શું ફરક પડે છે અને કેટલો ફરક પડે છે !

સત્સંગનાં અજવાળાં કાયમ પ્રજળે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'સર, થોડીવાર અહીં કાર પાસે બહાર આવો ને... ' ડ્રાઈવરે ફોનમાં અતુલને કહ્યું...

અતુલ એક ધાર્મિક કાર્યક્રમમાં સત્સંગમાં બેઠો હતો. અચાનક આવો ફોન આવ્યો એટલે એણે સાઈલન્ટ મોડમાં રહેલો ફોન રિસીવ કર્યો... જવાબ આપ્યો.

'અરે ભાઈ, તમને ખબર છે હું અહીં સત્સંગમાં છું.'... તો પણ ડ્રાઈવરે ફરી એ જ વાત કરી એટલે અતુલને લાગ્યું કે મામલો કાંઈક ગરબડનો છે અને વિવેક જાળવીને, હળવે હળવે એ સત્સંગમાંથી બહાર આવ્યો.

અમદાવાદમાં રહેતા અતુલને પોતાનો સ્વતંત્ર વ્યવસાય હતો. વ્યવસાયમાં ધ્યાન દેવાની સાથે સાથે એ પોતાના આંતરિક વિકાસ માટે અને આધ્યાત્મિક ઉન્નતિ માટે યોગ-ધ્યાન-પ્રાણાયામ જેવી પ્રવૃત્તિઓમાં પણ પ્રવૃત્ત રહેતો હતો. આ ઉપરાંત બે દાયકા કરતા વધુ સમયથી એની શ્રદ્ધા એક સદ્‌ગુરુ સાથે જોડાયેલી હતી અને એટલે એ ત્યાં યોજાતા નિયમિત ધાર્મિક - સાંસ્કૃતિક કાર્યક્રમોમાં હાજરી આપવા પણ જતો રહેતો હતો. ધાર્મિક સત્સંગથી એનું મન આનંદમાં ને પ્રસન્ન રહેતું હતું.

આવા જ એક પ્રસંગે આજે અમદાવાદથી વહેલી સવારે એ નીકળ્યો હતો... રસ્તામાં ચા-નાસ્તો કરીને એનો ગંતવ્ય સ્થાને પહોંચ્યો હતો. એની સાથે ડ્રાઈવર તરીકે આવનાર વ્યક્તિ પણ સ્વભાવથી અને એના ડ્રાઈવીંગના કાર્યથી એકદમ પરફેક્ટ હતી. સ્પીડમાં જરૂર ચલાવે પરંતુ કયાંયે - કયરોય જોખમી ડ્રાઈવીંગ નહિ... ગાડીની જાળવણી પણ વ્યવસ્થિત કરે... અતુલ એને પૈસા આપવામાં પણ કરાશ રાખતો નહિ... આમ ડ્રાઈવરનું ગાડી સાથેનું ટ્યુનીંગ એકદમ બરાબર હતું.

આજે પણ જે સ્થળે સત્સંગ હતો ત્યાં પહોંચીને ડ્રાઈવર વ્યવ્સથિત ગાડી પાર્ક કર્યા બાદ એ અંદર ગયો હતો. એકાદ કલાક બાદ ડ્રાઈવરનો ફોન આવ્યો અને આગળ લખેલો સંવાદ મુજબ એ આશ્રમની બહાર આવ્યો. સાથે જ ડ્રાઈવર મળ્યો.

'શું થયું ? કેમ આમ મને તાત્કાલિક બોલાવવો પડ્યો ? અતુલે પૂછ્યું... ડ્રાઈવર કહે 'ચાલો ગાડી પાસે, પાર્કીંગમાં વ્યવસ્થિત પડેલી ગાડીને કોઈ બીજી ગાડી અથડાઈ છે અને આપણી કારના આગળના ભાગને નુકશાન થયું છે, સ્વભાવિક છે કે મારે તમને બોલાવવા જ પડે' આમ વાત કરતા કરતા બંને ગાડી પાસે પહોંચ્યા.

વાત એણ બની હતી કે એક કાર ચલાવનાર ડ્રાઈવર એ કારને ટૂંકી જગ્યામાં ટર્નિંગ આપી રહ્યો હતો. આ માટે એણે રીવર્સ ગાડી લીધી. અતુલનો ડ્રાઈવર સતત હોર્ન મારે છે, આજુબાજુનાં રીક્ષાવાળા દેકારો કરીને પેલા ડ્રાઈવરને ચેતવે છે પણ એ સાવ બેફીકરાઈથી સાંભળતો જ નથી અને ગાડી અથડાઈ છે. કોઈ મોટું નુકશાન નથી થયું પણ કારના બોડીને ઘસારો લાગ્યો છે... પેલા છોકરડા જેવા ડ્રાઈવર પર લોકો ગુસ્સે થયા તો સોરી કહીને કહે હં શું કરું ? એના માલિકને બોલાવ્યો એમણે કીધું કે 'ડ્રાઈવરે સોરી કહ્યું બહુ બહુ તો ગાડી રીપેર કરાવી આપું.'

એ સમયે અતુલે બહુ મહત્ત્વની વાત કરી, 'જુઓ ભાઈ, આ ધરતી સાથે મારો દાયકાઓનો સંબંધ છે, આ ધરતી પ્રેમનો સંદેશો આપે છે, ઝઘડવાનો પ્રશ્ન જ નથી પરંતુ. તમારા ડ્રાઈવર પાસે લાઈસન્સ પણ નથી, તો આવા ડ્રાઈવરને ગાડી ચલાવવા આવતા પહેલા વિચાર કરજો... બીજું કે અહીં બેઠેલા શ્રદ્ધેય દેવતા અને સદ્‌ગુરુની કૃપાથી ગાડી રીપેર કરાવી શકું એટલે પૈસા તો મારી પાસે પણ છે જ, હવે એક જ વિનંતી છે કે અત્યારે મારી જગ્યાએ તમારી ગાડી હોય તો તમે શું કરો ?' એ ભાઈ મુંગા રહ્યા એટલે અતુલ વાત આગળ ચલાવીને એમનું નામ પૂછીને, નામ જોગ કીધું કે ભલા માણસ હવે, કયારેક તમારી ગાડી સાથે કોઈની ગાડી અથડાય તો ગુસ્સો ના કરતા, ઝઘડો ના કરતા, એ આ ઘટના યાદ કરીને અત્યારે મેં જેમ હસતા હસતા તમને જયશ્રીકૃષ્ણ કહ્યા છે ને, એમ તમે પણ એ સમયે હસતા હસતા અકસ્માતને સ્વીકારી લે જો.'

આમ આટલા વર્ષો ધાર્મિક આધ્યાત્મિક - પ્રેમ માર્ગે ચાલવાના શ્રવણ બાદ પોતે એ માર્ગે આજે એક ડગલું ચાલ્યો સાહજિકરૂપે ઘરનાનો હસતા હસતા સ્વીકાર કર્યો એનો આનંદ મનમાં ભરીને એ પાછો સત્સંગમાં ગોઠવાઈ ગયો.... આવું થાય ત્યારે સાચ્ચે જ સત્સંગમાં અજવાળા રેલાય છે.

ખુશામત તો ખુદાને પણ પ્યારી હોય છે...

વિચારયાત્રા
ડો. જય ઓઝા

ચાલો હું તમારા વખાણ કરું, અને તમે મારા વખાણ કરો. હું તમારી પીઠ થાબડું અને તમે મારી પીઠ ઠાબડો.

આજનો સમય આત્મરતિનો સમય છે. 'અહો રુપમ્ અહો ધ્વનિ.' બે ગધેડા સામ સામે મળ્યા અને એકબીજાના વખાણ કરવાના શરું કરી દીધાં, એક ગધેડો કહે કે, 'વાહ તારું શું અદ્‌ભૂત રૂપ છે...' તો વળી બીજો કહે છે કે, - વાહ ! તારો શું અદ્‌ભૂત અવાજ છે.' સામ-સામે વખાણ કરીને દુનિયાને બનાવવાનો આ કસબ વર્ષો પુરાણો છે.

આજે સમાજમાં જે છદ્મ સંબંધો જોવા મળે છે, તે ખરેખર ગજબ બનાવટીયા અને ખુશામતીયા બની ગયાં છે. સોશ્યલ મીડિયાએ આ હવનમાં ઘી નાખવાનું કામ કર્યું છે. હું તમારી આરતી ઉતારું અને તમે મારી આરતી ઉતારો. હું તમારી પોસ્ટને લાઈક કરું, સારી કમેન્ટ લખું, સામે તમે પણ મારી પોસ્ટ ફોરવર્ડ કરો.

મારું પ્રતિબિંબ જોવા માટેનો તમે અરીસો બનજો અને તમારી સુષ્ઠુ-સુષ્ઠુ અને સુગર કોટેડ ખોખલી પ્રતિભાના વખાણ હું કરીશ.

ઘણી વ્યક્તિ સાથે મુલાકાત દરમિયાન તે તેની વાતચીતમાં પેલા સુષ્ઠુ-સુષ્ઠુ દંભી સજ્જનની ખુશામત કયારે શરૂ કરશે તે જ આપણે વિચારતા રહીએ છીએ, અને મિત્રો! તેમા આપણને જરાય નિરાશા નથી સાંપડતી, તેમના શ્રીમુખે પેલા ખુશામત સહોદરની વાત આવી જ જાય છે.

કયારેય ટીકા નહીં, ભાવપૂર્વ ભૂમિકા,સામા પક્ષે પેલા મહાશય પણ બિરદાવશે. પરસ્પર દેવો ભવ.

હે દંભી ખુશામતીયા દોસ્ત ! તું મારામાં જે કંઈ નથી એનાં પણ ગુણગાન ગાજે, અને હું પણ તમારી આજાનબાહુવૃત્તિની ચર્ચાઓ કરીશ. હું તમારી ત્રેવડનાં તમારી કોઠાસૂઝના વખાણ કરીશ, અને તમે કહેજો કે દુનિયાની એવી કોઈ સમસ્યા નથી કે જેને હું ઉકેલી ન શકતો હોઉં.

આપણે એકમેકનાં ચહેરાને મેકઅપ કરવાનો છે, એકમેકને અને દુનિયાને કહ્યા કરવાનું છે કે આપણો સંબંધ અદ્વિતીય છે. આપણા જેવું કોઈ નથી. આ જગત તો આપણા ઊજળા સંબંધોથી જ ઊજળું છે.

સાચું કહેજો મિત્રો, તમે કયારેક ને કયારેક તો આવા દંભી દ્વંદ્વોને જોયા અને સહન કર્યા જ હશે ને!

પ્રશંસા કરવી જ જોઈએ, ઉચિત કાર્યની નોંધ લેવાવી જ જોઈએ તેમા ના નથી. પરંતુ દરેક વખતે બે જણની તૂતી વર્ણમાળાના 'ક' પછી 'ખ' ખુશામત પર જ અટકી જતી હોય તો પછી અસહ્ય થઈ પડતું હોય છે.

અને તકલીફ એવી હોય છે કે વાત એક બે વ્યક્તિ પૂરતિ સીમિત નથી, આવી તો અઢળક ટોળકીઓ બજારમાં ફરતી જોવા મળે છે.

તેમાંય કોઈ જાહેર કાર્યક્રમ, સામાજિક પ્રસંગો પર જો બંને કોઈ જૂથમાં ઊભા હોય તો, તો.... ખલાસ જ સમજો.. એકબીજાની ભાટાઈ એવા તો શૂરાતનથી કરશે કે, સમય સ્થળનું તો ભાન જ ભૂલી જશે.

અભિપ્રાય આપવામાં તટસ્થ માણસો મળવા આજકાલ દુર્લભ છે, મોટાભાગે બે વિભાગમાં વિભક્ત એવી બે ટોળકીઓ જ બહુલ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે.

ઑફિસમાં બે સહકાર્યકર એકમેક સાથે નક્કી કરી રાખે છે, તારે મારા અને મારે તારા ગુણગાન કર્યા કરવાના. જાહેર જીવનમાં બે વ્યક્તિ અલગ અલગ ક્ષેત્રમાં જયાં જાય, ત્યાં એકબીજાની ભાટાઈ કરવામાંથી ઊંચી નથી આવતી, આ બધું પ્રાયોજિત હોય છે. સ્ક્રિપ્ટેડ હોય છે, અનાયાસે પ્રશંસાના શબ્દો મુખમાંથી સરી પડે તેવું નથી હોતું. પરંતુ વારંવારના પ્રયત્ન પછી પટકથા અને વાક્યો તૈયાર હોય છે, અને તૈયાર કરેલી સ્ક્રિપ્ટ પ્રમાણે એકબીજાની ખુશામત થતી હોય છે.

આ મહાનુભાવોને ભ્રમમાં જીવવું ગમે છે, પોતે તો મનથી લકવાગ્રસ્ત હોય જ છે, પરંતુ સાથે સાથે આખી દુનિયાને પણ તેવા જ જ સમજે છે.

આ બહુ વિકટ સામાજિક પરિસ્થિતિ છે, રાજકારણમાં પહેલાં આ પ્રકારના લોકો હતા, હજી છે, અને આગળ પણ જોવા મળવાનાં જ છે. પરંતુ લાગે છે કે જીવન પણ રાજકારણનો ભાગ બનતું જાય છે. ભયંકર વિષમતા ભોગવવાનો વારો આવવાનો છે.

ખુશામતીયા 'અ' ભાઈ કોઈ સંસ્થામાં કે કોઈ ક્ષેત્રમાં આગળ હોય તો ખુશામતીયા 'બ' ભાઈ બીજી સંસ્થામાં તેમના ગુણગાન ગાશે. બંને એકબીજાને લાભ પહોંચાડવાના યત્નમાં લાગી પડશે...

પાછી જોવાની ખૂબી એ છે કે ન કરે નારાયણ અને કોઈ તકલીફની ઘડી આવી જાય તે ક્ષણે તે બંને ખુશામતીયાઓ પાછા એકબીજાની સહાયમાં પહોંચતા નથી. કહેવાનું એમ કે 'અમારો સંબંધ કાળી રાતે કામ લાગે એવો છે અને ઈશ્વરને પ્રાર્થના કરવાની કે, કોઈ દિવસ કાળી રાત આવે નહીં, જેથી કરીને આપણાં સંબંધની લાજ જળવાઈ રહે, અને બાંધી મુઠ્ઠી ખુલે નહીં.'

કોઈને જીવતેજીવત મારી નાખવો હોય તો સહેલામાં સહેલો રસ્તો એ છે કે તમે એનાં મોંફાટ વખાણ કરો. ખુશામત એ એક નશો છે, અને તેના પૅકેટ પર 'સ્વાસ્થ્યના નુકશાનની કોઈ વૈધાનિક ચેતવણી પણ લખી નથી હોતી. અફીણ અને ગાંજા કરતાં વધુ નશો ખુશામતનો છે. અને તે ખતરનાક હાનિકારક છે.

માણસના મોઢામાંથી ફીણ ન નીકળે ત્યાં સુધી લોકો ખુશામતને કાનથી પીતા હોય છે. પણ તેમાંય જો બે 'અહો રૂપમ્ અહો ધ્વનિ' નો સંયોગવાળા મિલાવટી ખુશામતીયા ભેગા થઈ જાય તો, તેમની 'ખુશામત ગેંગ' બસ એકબીજાની પ્રશંસા અને પ્રસિદ્ધિના ગપગોળાની એવી હાટડી ચલાવવા લાગી પડે છે, કે ન પૂછો વાત !

પરંતુ મિત્રો ! આપણે આવા ખુશામતિયાઓની ગેંગને ઓળખી જઈએ પછી અસલી મજા આવે છે. પછી તો માત્ર મૂક પ્રેક્ષક બનીને સામે ચાલતા 'કોમેડી સર્કસ' ને અબુધ બનીને નિહાળવાનું બાકી રહે છે, ખુશામતીયાઓને લાગે કે આ ભોટ બંધુને આપણે ફલાણા ભાઈની ભાટાઈ સંભળાવીને ભક્ત બનાવી રહ્યા છીએ, અને આપણે તેમના પ્રલાપને જે મજાથી આનંદથી એક કાનથી બીજા કાન કરીએ છીએ તેની તે મહાશયને કયાં ખબર હોય છે!

- jayuoza@gmail.com, Mo. 9898046488

વિદુરનીતિની એ ચાર લાઈનોમાં કઈ આઠ 'લાઈફ ક્વોલિટી'ની વાત છે?

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

વારસામાં મળેલી કે માર્ગમાં અચાનક સાંપડેલી અઢળક સંપત્તિ પણ જ્ઞાન ન હોય તો રફેદફે થતા વાર નથી લાગતી. ઈતિહાસ ગવાહ છે કે, સંપત્તિ અને સાંખ્યમાં હંમેશા સાંખ્યની જીત થઈ છે. કોઈપણ યુગમાં કે પછી કોઈપણ સમર્થ રાજવીના શાસનકાળનો સમય હોય તેમાં જ્ઞાનનો મહિમા સર્વોપરી રહ્યો છે. જ્ઞાનનો અર્ક નીતિશાસ્ત્ર સ્વરૂપે જોવા મળે. નીતિશાસ્ત્રની વાત નીકળે ત્યારે ચાણક્યને અવશ્ય યાદ કરવા પડે. જેટલા પણ સમર્થ નીતિજ્ઞોએ એમની અમૃત જ્ઞાનધારા નીતિ સ્વરૂપે પ્રસ્તુત કરી એને સમયની રીતે બે કાલખંડમાં વહેંચવામાં આવે છે. એક ચાણક્ય નીતિ પહેલા અને બીજી ચાણક્ય નીતિ બાદ. ચાણક્ય નીતિ પહેલાના કાળ ખંડમાં ભીષ્મ નીતિ, વિદુર નીતિ, મનુ નીતિ, ચર્વાક નીતિ, શુક્ર નીતિ, બૃહસ્પતિ નીતિ, પરશુરામ નીતિ, ગર્ગ નીતિ વગેરે જેવી જ્ઞાનસભર નીતિઓની ગણના થાય છે. જ્યારે ચાણક્ય નીતિ પછીના સમયમાં ભર્તૃહરિ, હર્ષવર્ધન, બાણભટ્ટ વગેરે નીતિજ્ઞો દ્વારા રજૂ કરાયેલા નીતિશાસ્ત્રો જનતાને જ્ઞાન માર્ગની સમજ પુરી પાડે છે.

ચાણક્ય નીતિના સેંકડો વર્ષો પૂર્વે જ્ઞાન માર્ગને પ્રશસ્ત કરતી વિદુર નીતિમાં જીવનના અત્યંત ગુઢ રહસ્યો સરળ ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. વિદુર એ ભારતના મહાગ્રંથ મહાભારતનું સૌથી વિચક્ષણ અને વાસ્તવવાદી ચરિત્ર છે. દાસીપુત્ર વિદુર મહારાજ ધુતરાષ્ટ્રના સાવકા ભાઈ હતા. મનમાં ઉંડે ઉંડે એમ સતત ખુચ્યા કરે કે, મહાભારતના બે પાત્રો કર્ણ અને વિદુર હમેશા ઉપેક્ષિત રહ્યાં છે. પરંતુ જ્યારે જ્યારે વિદુર નીતિનો ઉલ્લેખ આવે ત્યારે મનનો વિદુરજીની ઉપેક્ષાનો સંશય પળ ભરમાં આઘો ખસી જાય. હિન્દી સાહિત્યમાં નીતિ કાવ્ય ઉપર વિદુરજીના વચનો અને સિદ્ધાંતોનો જબરજસ્ત પ્રભાવ રહ્યો છે.

વિદુર નીતિનો જન્મ પણ ભગવત ગીતાની જેમ યુદ્ધની પાશ્ચાતભૂમિમાં થયો છે. મહાભારતના ભિષણ યુદ્ધ પૂર્વે યુદ્ધના ભયાનક પરિણામો પરત્વે હસ્તિનાપુરના રાજવી ધુતરાષ્ટ્રનો એમના સાવકા ભાઈ વિદુર સાથેનો વાર્તાલાપ એ વિદુર નીતિ છે. કૌરવો અને પાંડવોના ધમાસાણ યુદ્ધના વાદળો ઘેરાયા હોય છે, ચારે બાજુ હાકલા અને પડકારાનો ભયાનક માહોલ સર્જાયો હોય છે. એવા સમયે મહારાજા ધુતરાષ્ટ્ર તેમના જ્ઞાનિ સલાહકાર વિદુરજીને બોલાવી યુદ્ધના સારા-નરસા પાસાની ચર્ચા કરે છે. મહર્ષિ વેદવ્યાસ દ્વારા 'મહાભારત'ના ઉદ્યોગપર્વમાં ધુતરાષ્ટ્ર અને વિદુરના સંવાદનું વિસ્તૃત વર્ણન જોવા મળે છે. વેદવ્યાસ રચિત મહાભારતના ઉદ્યોગ પર્વને વિદુર નીતિ તરીકે ઓળખવામાં આવે છે.

જીવનના ગુઢાર્થોને સ્પષ્ટતાપૂર્વક પ્રસ્તુત કરવામાં વિદુરજીને ગજબની ફાવટ હતી. આજે વાત કરવી છે વિદુરજીએ વિદુરનીતિમા વર્ણવેલી જીવનની આઠ મહત્ત્વપૂર્ણ ક્વોલિઈટીની. પુરુષના જીવનમાં આઠ પ્રકારની ક્વોલિટીને વિદુરજીએ માત્ર ચાર લીટીમાં સુંદર રીતે સમજાવી છે.

અષ્ટૌ ગુણાઃ પુરુષં દીપયન્તિ
પ્રજ્ઞા ચ કૌલ્યં ચ દમઃ શ્રૃતંચ
પરાકમ શ્ચાબહુભાષિતા ચ
દાનં યથાશક્તિ કૃતજ્ઞતા ચ

વિદુરજી સૌથી પહેલા બુદ્ધિ કૌશલ્યની વાત કરતા કહે છે કે, માહિતીનો સમય અનુસાર યોગ્ય ઉપયોગ થાય ત્યારે જ એને બૌદ્ધિક કૌશલ્ય કહેવાય છે. માત્ર માહિતી હોય અને તેનો ઉપયોગ ન થતો હોય તો એવી વ્યક્તિ અને રોબોટમાં કોઈ ફર્ક નથી. બીજી આવશ્યકતાનો શ્લોકમાં ઉલ્લેખ કરતા વિદુરજી કહે છે કે, વ્યક્તિમાં શાલીનતા અત્યંત જરૂરી છે. જે વ્યક્તિની વાણીમાં અને વર્તનમાં શાલીનતા નથી એ વ્યક્તિ આગળ નથી વધી શકતો. આચાર્ય ચાણક્ય શાલિનતાના વિષયને સ્પષ્ટ કરતા કહે છે કે, 'આચારઃ કુલમાખ્યાતિ' અર્થાત્ વ્યક્તિના વાણી અને વર્તન ઉપરથી તેના ખાનદાનનો ખ્યાલ આવી જાય છે. જેન્ટલમેનહુડ સૌથી મહત્ત્વનુ પાસુ છે.

ત્રીજી ક્વોલીટી છે ઈન્દ્રીય નિગ્રહની. અનૈતિક રીતે ઈન્દ્રીયના ઉપયોગને વિદુરજી નિષેધ કહે છે. ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એમ પાંચ ઈન્દ્રિયોનો નૈતિક રીતે ઉપયોગ કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. ચોથી આવશ્યકતા શાસ્ત્રના જ્ઞાનની વર્ણવાઈ છે. જે કાર્ય કરવાનું છે એનું સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાની આવશ્યકતા વિદુરજી આ શ્લોકમાં સ્પષ્ટ કરે છે.

પાંચમી ક્વોલિટી પરાકમની વર્ણવાઈ છે. પરાકમ શબ્દમાં પહેલાં બે અક્ષર 'પરા' એટલે ઉપર અથવા વિપરિત દિશામાં અને બીજા બે અક્ષર 'કમ' એટલે આગળ વધવુ. આમ જે વ્યક્તિ વિપરિત સંજોગોમાં પણ આગળ વધવાની માનસિકતા ધરાવતા હોય એવી ક્વોલિટીની અપેક્ષા રાખવામાં આવે છે. છઠ્ઠી ક્વોલિટી જરૂરિયાતથી વધારે ન બોલવાની છે. સાતમી આવશ્યકતા શક્તિ મુજબ મદદ માટે દાન કરવાની છે. વિદુરજી કહે છે કે, વ્યક્તિએ એની હેસિયત મુજબ નહીં પણ ઓકાત મુજબ મદદ કરવી જોઈએ. હેસિયત સામાજિક અને આર્થિક શક્તિને જોઈને સમાજ અને દુનિયા નક્કી કરે છે જ્યારે ઓકાત વ્યક્તિની વાસ્તવિક સ્થિતિની ગવાહી આપે છે. છેલ્લી અને આઠમી ક્વોલિટી કૃતજ્ઞતાની ભાવનાની છે. જ્યારે કોઈપણ વ્યક્તિના જીવનમાં કોઈએ હકારાત્મક વલણ સર્જવામાં ભાગ ભજવ્યો હોય ત્યારે એમના પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવાનુ ન ચુકવુ જોઈએ.

પ્રત્યેક કાળખંડમાં જ્ઞાન અને નીતિ આધારિત જીવનના વિવિધ આયામો રજૂ થયા છે. એક સંશોધન અનુસાર માનવીનું મન દિવસ દરમિયાન સાઈઠથી નેવું હજાર વિચારોની ભીડમાંથી પસાર થતું હોય છે. સરળ શબ્દોમાં જોઈએ તો પ્રતિ પળ વ્યક્તિ એક નવા 'વિચારદોસ્ત' કે નવા 'વિચારદુશ્મન'નો સામનો કરે છે. માનવીનું જીવન હજારો લાખો વિચારો પૈકી યોગ્ય વિચારોની પસંદગીની રમત માત્ર છે. અભ્યાસુ નીતિજ્ઞો દ્વારા સમયાંતરે રજૂ કરેલી જ્ઞાન, અનુભવ આધારીત નીતિઓ સાચા વિચારોની પસંદગીમાં સહાયતા કરે છે.

ધબકાર :
બુધ્ધી કોઇપણ પરિવર્તનના સ્વીકાર માટેની ક્ષમતા કેળવવા માટેનુ સાધન છે

**વાચકબંધુઓ, આપના અનુભવની કોઇ વાત અન્ય વાચકબંધુ માટે પ્રેરણાદાયી બની શકે છે. બીજાના જીવનમાં ઉપયોગી બની શકે એવી